# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૨-A તા.૨૦-૩-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. ઉચ્ચતર પ્રા.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, એસએસએની સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ૨૭૫ ઉચ્ચતર પ્રા.શાળાઓમાં પ્રતિમાસ રૂા.૫૦૦.૦૦/- લેખે ૩ માસ માટે બ્રોડબેન્ડ(Wired) ઈન્ટરનેટ કનેકિટવીટી માટે ગ્રાન્ટની ફાળવણી એસ.એમ.સી. એજ્યુકેશનના બેંક એકાઉન્ટમાં કરવામાં આવેલ છે. જે માટે નીચેની સૂચનાઓને ધ્યાને લેવાની રહેશે.

૧. જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમાનુસાર કરવાનો રહેશે.

૨. શાળા કક્ષાએ જે તે સર્વિસ પ્રોવાઇડરની ફેઝિબિલિટી પ્રમાણે લીધેલ કનેકશન માટે વાર્ષિક ગ્રાન્ટ મર્યાદા રૂા.૬,૦૦૦/- રહેશે.

૩. જે શાળાઓએ અગાઉ કનેક્શન મેળવેલ ન હોય અને કોઈપણ સર્વિસ પ્રોવાઇડરની ફેઝિબિલિટી હોય તો તે મેળવી લેવા માટે જરૂરી વાર્ષિક બિલની રકમ રૂા.૬,૦૦૦/- ની મર્યાદામાં કરી શકશે.

૪. જ્ઞાનકુંજ અંતર્ગત સમાવિષ્ટ શાળા કક્ષાએ ઈન્ટરનેટ કનેક્શન માટે વાર્ષિક ગ્રાન્ટ મર્યાદા રૂા.૧૦,૦૦૦/-ની રહેશે. જે માટે અગાઉ અલગથી ગ્રાન્ટ ફાળવણી કરવામાત્ર આવેલ છે.

૫. જ્ઞાનકુંજ શાળા કક્ષાએ ગ્રાન્ટ ફાળવણી વાર્ષિક ગ્રાન્ટ મર્યાદા રૂા.૧૦,૦૦૦/- થી વધવી જોઈએ નહિ. આ માટે જિલ્લાકક્ષાએથી શાળા વાર વાર્ષિક ગ્રાન્ટ માંગણી પ્રમાણેની ફાળવણી સામે સરભર કરી કુલ વાર્ષિક ફાળવણી રૂા.૧૦,૦૦૦/-ની કરવાની રહેશે.

૬. આ યોજના અંગેનો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કરવાનો રહેશે.

૭. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટને શાળા કક્ષાએ ઈન્ટરનેટની સુવિધા માટે જ ઉપયોગ કરવાનો રહેશે અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.

૮. જિલ્લા કક્ષાએથી ઈન્ટરનેટ કનેક્શનના મોનિટરીગ માટે એપ્લીકેશન તૈયાર થઇ રહેલ છે.જેની client એપ્લીકેશન શાળાકક્ષાએ ઈન્ટરનેટ ઉપયોગ થતો હોય તેવા તમામ કોમ્પ્યુટરોમાં ઈન્સ્ટોલેશન કરવાનું રહેશે. આગામી ગ્રાન્ટ જરૂરીયાત અને ફાળવણી તેના આધારે કરવામાં આવશે. જે શાળાઓની ઈન્ટરનેટ વપરાશ વિગતો ઓનલાઇન મોનિટરીગ સીસ્ટમ મારફત નહી મળે એટલે કે client એપ્લીકેશન શાળાકક્ષાએ ઈન્સ્ટોલ નહી થયેલ હોય તે શાળાઓને ગ્રાન્ટ ફાળવવાપાત્ર થશે નહી.

૯. સદર ગ્રાન્ટ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અંતિત નાણાં વપરાશ પ્રમાણપત્ર, બચત રહેલ રકમ એસ.એસ.એ.ની કચેરીએ મોકલી આપવાના રહેશે.

૧૦. નવા કનેકશન કે કનેકશન ફેરબદલ માટે શરૂઆત ઈન્સ્ટોલેશન અને અનાવર્તક ખર્ચ શાળા કક્ષાએ ફાળવેલ ગ્રાન્ટમર્યાદાથી વધતો હોય તેવા કિસ્સામાં શાળા કક્ષાએ બચત ગ્રાન્ટમાંથી ખર્ચ કરી ઈન્ટરનેટ કનેક્શન મેળવી લેવાનું રહેશે.

૧૧. જે શાળાઓએ ઈન્ટરનેટ કનેક્શન મેળવેલ હોય તે ૨૭૫ શાળાઓમાં પ્રતિમાસ રૂા.૫૦૦/- ની મર્યાદામાં જ ઈન્ટરનેટ કનેક્શનના વપરાશ બીલોના ચૂકવણી શાળાઓના SMC કક્ષાએથી ચૂકવવાની રહેશે.

૧૨. જે તે શાળાએ બીલોની ચૂકવણી ન કરતા અથવા અગાઉના ઈન્ટરનેટ કનેકશન બંધ ન કરાવેલ હોય તો તે અંગે ઈન્ટરનેટ પ્રોવાયડેડ કંપની તરફથી મેળવેલ કોર્ટ નોટીસ માટેની જવાબદારી જે તે શાળાના મુખ્યશિક્ષકશ્રીઓની રહેશે.

આમ,ઉપરોક્ત વિગતે શળાઓને આપવામાં આવનાર બ્રોડબેન્ડ(Wired) ઈન્ટરનેટ કનેક્શન બાબતે કામગીરીમાં સરળતા રહે તે માટે શાળા (એસ.એમ.સી.) કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરશો.

તા.૨૦-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૫૨-B તા.૨૦-૦૩-૧૮**

**(માન્ય શાળા પરિપત્ર નં.૬)**

**તમામ શાળાઓ માટે :-**

**વિષય :-દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા - ૨૦૧૮ ના કાર્યક્રમમાં ફેરફાર બાબત.**

આથી તમામ શાળાઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે મ્યુનિ. શાળાઓમાં પરિપત્ર નં.૧૪૩ તા.૫-૩-૧૮ માં જણાવ્યા મુજબ દ્વિતીય સત્રાંત પરીક્ષા તા.૫-૪-૧૮ને ગુરૂવારથી શરૂ કરવામાં આવનાર હતી, પરંતુ ગુણોત્સવ-૮ના કારણે હવે દ્વિતીય સત્રાંત પરીક્ષા તા.૯-૪-૧૮ને સોમવારથી શરૂ કરવામાં આવશે.

પરીક્ષા અંગેની અન્ય તમામ સૂચનાઓ પરિપત્ર નં.૧૪૩ તા.૫-૩-૧૮ મુજબ અમલ કરવાની રહેશે. સુધારેલ દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૮નો કાર્યક્રમ નીચે મુજબ છે તે મુજબ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડ પર લખી તમામ વિદ્યાર્થીઓ પાસે તેની નોંધ લેવડાવશો તેમજ વાલીઓની સહી લેવડાવશો.પરીક્ષાનો કાર્યક્રમ સ્કૂલ બોર્ડની વેબસાઈટ (www.amcschoolboard.org) પર પણ મૂકવામાં આવેલ છે.

**દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૮નો કાર્યક્રમ**

| તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|
| ૯-૦૪-૧૮ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | માતૃભાષા |
| ૧૦-૦૪-૧૮ | મંગળવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | ગણિત |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | ગણિત |
| ૧૧-૦૪-૧૮ | બુધવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | પર્યાવરણ |
| ૧૨-૦૪-૧૮ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | અંગ્રેજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ | પ્રાદેશિક ભાષા |
| ૧૩-૦૪-૧૮ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | હિન્દી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | હિન્દી |
| ૧૬-૦૪-૧૮ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | પ્રાદેશિક ભાષા |
| ૧૭-૦૪-૧૮ | મંગળવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૬ થી ૮ | સંસ્કૃત |
| | | ૧૦-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |

**ઉપરોક્ત કાર્યક્રમ મુજબ જે તારીખે જે ધોરણ અને વિષયની પરીક્ષા હોય તે જ પ્રશ્નપત્રોનું બંડલ ખોલવાનું રહેશે અને પ્રશ્નપત્રોનું વિતરણ કરવાનું રહેશે તેમજ વિદ્યાર્થીઓનાં પ્રશ્નપત્રો પર સુધારેલ કાર્યક્રમ મુજબ તારીખો લખાવવાની રહેશે. પરીક્ષાની ગોપનીયતા તેમજ ગુપ્તતાની ખાસ કાળજી લેવી.** પરીક્ષાના પ્રશ્નપત્રો મેળવવા માટેના કેન્દ્રો અને પરિણામપત્રકો ચેક કરાવવા અંગે હવે પછીથી પરિપત્ર કરી જાણ કરવામાં આવશે.

તા.૨૦-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી